શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર
આણંદ કૃષિ યુનિવર્સિટી
મોડલ ફાર્મ, વડોદરા

# શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટિકલ્ચર, આ.કૃ.યુ., વડોદરા ખાતે વાર્ષિક દિન "સ્પંદન-૨૦૨૪" ની ઉજવણી

વડોદરા શહેરને સંસ્કારી નગરીની સાથે કલાનું કાશી પણ કહેવામાં આવે છે. શિક્ષણ અને સંસ્કૃતિના ક્ષેત્રે રાષ્ટ્રના નક્શા ઉપર મહત્વપૂર્ણ સ્થાન ધરાવતી આ કલા અને સંસ્કૃતિ નગરીમાં આવેલ શેઠ ડી. એમ. પોલિટેકનિક ઇન હોર્ટીકલ્ચર કોલેજ, આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી, વડોદરાનો **૧૨**મો વાર્ષિક દિવસ **"સ્પંદન ૨૦૨૪" ૧૮ મે, ૨૦૨૪** શનિવારના રોજ યોજવામાં આવેલ. જે અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા સાહેબના અધ્યક્ષસ્થાને **"સ્પંદન ૨૦૨૪"** ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષશ્રી ડો. એમ. કે. ઝાલા સાહેબ સમારંભના મુખ્ય અતિથિ, ડો. જે. કે. પટેલ, વિસ્તરણ શિક્ષક નિયામકશ્રી, ડો. ગૌતમ આર પટેલ, કુલસચિવશ્રી, ડો. વાય. એમ. શુકલા, વિધાર્થી કલ્યાણ નિયામકશ્રી અને ડો. એન. આઇ. શાહ, આચાર્ય અને ડીનશ્રી, બાગાયત કોલેજ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ ઉપરાંત કૃષિ યુનિવર્સિટીના વિવિધ કોલેજોના આચાર્યશ્રીઓ, વૈજ્ઞાનિકશ્રીઓ, કર્મચારીઓ, ભૂતપૂર્વ વિધાર્થીઓ અને અનુદાન આપનાર દાતાશ્રીઓ, કર્મચારીગણના પરિવારજનો, શ્રમયોગીઓ તથા વિધાર્થીઓ હાજર રહી સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવ્યો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. ત્યારબાદ અત્રેની કોલેજના આચાર્યશ્રી ડો. ભરત એન. પટેલ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું તથા કોલેજની વિકાસ કામગીરી વિશે માહિતગર કરવામાં આવ્યા. ત્યારબાદ આમંત્રિત સર્વે મહેમાનશ્રીઓનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. કોલેજના જનરલ સેક્રેટરી શ્રી યશવંત સોઢા દ્વારા ગત વર્ષના કાર્યકાળ દરમિયાન વિધાર્થીઓ દ્વારા વિવિધ રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ તથા મેળવેલ સિદ્ધિઓ વિશેનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો. મુખ્ય અતિથિશ્રી, ડો. એમ. કે. ઝાલા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધશાખાધ્યક્ષશ્રી દ્વારા વિધાર્થીઓને ભવિષ્ય માટે કેવી રીતે તૈયાર થવાનું એ માટે માર્ગદર્શન આપ્યું. વધુમાં, તેઓશ્રીઓ આ કોલેજની જમીનના દાતાશ્રી શેઠ ડોસાભાઇ મગનલાલ વિશે પણ માહિતી આપી કૃતજ્ઞતા વ્યક્ત કરેલ. ત્યારબાદ મહેમાનશ્રીઓ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિધાર્થીઓનું ટ્રોફી તથા સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું. સમારંભના અધ્યક્ષશ્રી માનનીય ડૉ. કે. બી. કથીરિયા, કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ખૂબ જ મહત્વપૂર્ણ અને પ્રેરણાદાયક પ્રવચન આપી સર્વે વિધાર્થીઓને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવવામાં આવ્યા. તેઓશ્રી દ્વારા કોલેજના સર્વે સ્ટાફને કાર્યક્રમના સુચારુ આયોજન કરવા બદલ અભિનંદન આપ્યા. કોલેજના એસ. આર. સી ચેરમન ડો. આર.જે. મકવાણા દ્વારા કાર્યક્રમમાં હાજર સર્વેનો કાર્યક્રમને સફળ બનાવવા માટે આભાર વ્યક્ત કરેલ. અંતમાં સમારંભમાં ઉપસ્થિત સર્વેએ રાષ્ટ્રગીત ગાઇ, સાંસ્કૃતિક કાર્યક્રમનો આનંદ માણ્યો. બાદમાં સ્વરૂચિ ભોજન લઇ કાર્યક્રમની સફળતા બદલ શુભેચ્છા આપી વિદાય લીધેલ.






સુસ્વાગતમ








स्पंदन 2024
18th May, 2024, Saturday


स्पंदन 2024


AAU
12th
DAY




SHETH D. M. POLYTECHNIC IN HORTICULTURE
Anand Agricultural University, Model Farm, Vadodara
12th ANNUAL DAY
स्पंदन2024
Date: 18th May, 2024, Saturday

2024
Date: 18th May, 2024, Saturday
Dr. K. B. Kathiria
Dr. M. K. Jhala





2024

SHETH D. M. POLYTECHNIC IN HORTICULTURE
Anand Agricultural University, Model Farm, Vadodara
12th ANNUAL DAY
स्पंदन2024

SHETH D. M. POLYTECHNIC IN HORTICULTURE
Anand Agricultural University, Model Farm, Vadodara
12th ANNUAL DAY
स्पंदन2024
Date: 18th May, 2024, Saturday

SHETH D. M. POLYTECHNIC IN HORTICULTURE
Anand Agricultural University, Model Farm, Vadodara
12th ANNUAL DAY
स्पंदन2024